ગાંધીનગર સમાચાર

# ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં સાબરકાંઠાના ખેલાડીઓ ઝળક્યા

હિંમતનગર, તા. ૧૬

મહારાષ્ટ્રના પુના ખાતે ઉજી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ તા. ૭ થી ૯ ડિસેમ્બર દરમ્યાન યોજાઈ હતી. ચેમ્પીયનશીપમાં ભારત, શ્રીલંકા, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન અને હોંગકોંગની ટીમોએ ભાગ લીધો છે. જેમાં ભારતની ટીમના ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેલાડીઓએ મેડલ મેળવ્યા હતા. કોચ જુજારસિંહના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી આર્યન એમ. આચાર્ય, આસ્થા એમ. આચાર્ય, શેયા એસ. પટેલ, ઝીલ પંડ્યા, પ્રાચી મકવાણા, અજય આર. ગવારીયા, સાગર ઉપાધ્યાયે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેડલ પ્રાપ્ત કર્યા હતા. તેમને મળેલ સિદ્ધિ બદલ સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કરાટે એસોશીએશનના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પીએચડી થયા



ગાંધીનગર, તા. ૧૫

બી કે મર્કેન્ટાઈલ લૉ કૉલેજના ગ્રંથપાલ અજયકુમાર રાવલે કાનૂની ગ્રંથસાહિત્ય અને પશ્ચિમ ભારતના હાઈકોર્ટ્સગ્રંથાલયોવિષય પર મણિભાઈ પ્રજાપતિ, અધ્યક્ષ, ગ્રંથાલય અનેમાહિતી વિજ્ઞાન વિભાગના માર્ગદર્શન હેઠળ પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે.

# પ્રાંતિજ તાલુકાની ઓરાણ હાઈસ્કૂલ દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ



ચિલોડા, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ મા. શાળા દ્વારા મતદાર જાગૃતિ રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ સાયકલ પર મતદારો પોતાનો મત કિંમતી સમજે અને લોકશાહીના પર્વ તરીકે મતદાન અચૂક કરે તેવી જાગૃતિ રેલી કાઢી હતી.

આ રેલીમાં વિવિધ સુત્રોના બેનરો સાથે વિદ્યાર્થીઓ ઓરાણ ગામની શેરીએ શેરીએ ફરી મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાયા હતા. જેમાં શાળાના શિક્ષક તરીકે એન.એસ. પટેલ તથા એસ.આર. પરમાર હાજર રહ્યા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### આજે સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાન બેઠકોની ચૂંટણી

# ૧૫ લાખ મતદારો ૬૪ ઉમેદવારોનું ભાવિ નકકી કરશે

## જિલ્લાના તમામ મતદાન મથકોનો હવાલો અર્ધ લશ્કરી દળોએ સંભાળી લીધો : ૧૦ મથદાન મથકોનું વેબ કાસ્ટીંગ કરાશે



તસ્વીર : મકસુદ મનસુરી, હિંમતનગર

હિંમતનગર ૧૬

સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાન બેઠકોની આજે ચૂંટણી યોજાનાર છે. જેમાં ૭૭૭૩૫૯ પુરૂષ અને ૭૨૭૧૮૨ મહિલા મળી ૧૫૦૪૫૪૧ મતદારો મતદાન કરી ૬૪ ઉમેદવારોનું ભાવિ ઈ. વી. એમ. મશિન દ્વારા મતદાન કરી નકકી કરશે. મુકત અને ન્યાયી વાતવરણમાં મતદાન યોજાય તે માટે ચૂંટણીપંચના આદેશ અને માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર સજજ બન્યુ છે. જિલ્લાના તમામ મદાન મથકોનો હવાલો અર્ધ લશ્કરી દળોએ સંભાળી લીધો છે.

૧૦ મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ પણ ચૂંટણીપંચ દ્વારા કરાશે.

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહમા, ભિલોડા, મોડાસા, બાયડ અને પ્રાંતિજ વિધાનસભા બેઠકોની આજે સોમવારે ચૂંટણી યોજાનાર છે. ઈ.વી.એમ. દારા મદાન કરી મતદારો પોતાનો મત આપી ઉમેદવારનું ભાવિ નકકી કરશે. ૧૩૩૫ રીઝર્વ સ્ટાફ સાથે કુલ ૯૭૩૯ કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં ફરજ બજાવશે.

ચૂંટણી દમિયાન કાયદો અને વ્યવસ્થા માટે ૩ હજાર પોલીસ, ૨૫૮૬ હોમગાર્ડ ૧૪૫૬, એસ.આર.પી. અને ૮૫ કંપની પેરા મિલીટ્રી ફોર્સ તૈનાત કરવામાં આવી છે. આજથી જ જિલ્લાના તમામ મદાન મથકોનો હવાલો અર્ધ લશ્કરી દળોએ સંભાળી લીધો છે.

### હિંમતનગરના પરબડા ગામે તસ્કરોનો તરખાટ

# બંધ મકાનનું તાળું તોડી ૬ લાખના દાગીના અને ૧.૯૦લાખની રોકડની ચોરી ગયા

## મકાન માલીક પરીવાર સાથે અજમેર ગયા ને તસ્કરો હાથફેરો કરી ગયા



તસ્વીર : મકસુદ મનસુરી, હિંમતનગર

હિંમતનગર ૧૬

હિંમતનગરને અડીને આવેલા પરબડા ગામે ગત રાત્રીએ તસ્કરો એક બંધ મકાનનું તાળું તોડી ૬ લાખની કિંમતના સોનાના દાગીના,તેમજ રૂ. ૧.૯૦ લાખની રોકડ મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મકાન માલિક પરિવાર સાથે મકાન બંધ કરી અજમેર શરીફ ગયા હતા. બનાવવની જાણ થતાં પોલિસ ઘટના સ્થળે દોડી આવી હતી. અનો ડૉગ સ્કોર્ડ અનો એફ.એસ.એલ.ની ટીમની મદદ લઈ ચોરીનું પગેરૂ શોધવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

આજે ગુજરાત વિધાન સભાની ચૂંટણી યોજાનાર છે. પોલીસ ચૂંટણીના બંધોબસ્તમાં વ્યસ્ત છે. ત્યારે તેનો તસ્કરો પૂરેપુરો લાભ લઈ રહયા છે.

ચૂંટણીની આગલી રાત્રે તસ્કરોએ હિંમતનગર પાસે આવેલા પરબડા ગામના ઈબ્રાહીમભાઈ ગુલામભાઈ વીજાપુરાના બંધ મકાનને નિશાન બનાવી મુખ્ય દરવાજાનુ તાળુ અને નકુચો તોડી મકાનમાં તિજોરી અને કબાટનો સામાન વેર વિખેર કરી રૂ. ૬ લાખના ૨૦ તોલા સોનાના દાગીના ૫૦૦ ગ્રામ ચાંદીના છડા તેમજ રૂ. ૧.૯૦ લાખની રોડ મળી રૂ. ૮.૪૦ લાખની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. મકાન માલિક પરિવાર સાથે અજમેર ગયા હતા. ચોરીની જાણ થતાં પી.એસ.આઈ. પરમાર અને હેડ કન્ટેબલ રાજુભાઈ ઘટના સ્થળે દોડી આવી ડૉગ સ્કોર્ડની મદદથી ચોરીનું પગેરૂ મેળવવા તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજના સંવેદનશીલ મતદાન મથકો પર સી.સી. ટી.વી. કેમેરાની મદદથી બાજ નજર રખાશે

પ્રાંતિજ, તા.૧૬

પ્રાંતિજ વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા અતિ સંવેદનશીલ કેન્દ્રોના બુથો માટે ભારત દૂર સંચાર નિગમની બ્રોડ બેંક સેવાની મદદથી સી.સી.ટી.વી. કમેરા દ્વારા ચૂંટણી પંચ બાજ નજર રાખી સમગ્ર પ્રક્રિયા નિહાળશે.

આ બ્રોડ બેંકની લાઈવ સેવા માટે ભારત દૂર સંચાર નિગમના અધિકારીઓ ખડે પગે સેવાઓ આપી રહ્યા છે. પ્રાંતિજ બેઠકના અતિસંવેદનશીલ ગણવામાં આવેલ પ્રાંતિજની ઉર્દૂશાળા નં. ૨ વહોરવાડ વિસ્તાર નં. ૧ તેમજ પ્રાથમિક શાળા નં. ૨ના ૨ બુથ અને પી.એન્ડ. આર. હાઈસ્કુલ નં.૧ બુથ મળી કુલ છ સંવેદનશીલ કેન્દ્રો પર થતી તમામ નાની મોટી હિલચાલ પર આ સેવાથી ચૂંટણી પંચ લાઈવ માહિતી તથા ગતિવિધિનું નિરીક્ષણ કરશે.

# ખેડબ્રહ્મા કોર્ટ દ્વારા ગુંદલ ગામના ઈસમને ફટકારેલ સજા

ખેડબ્રહ્મા,તા. ૧૬

ખેડબ્રહ્માના રહીશ પ્રકાશચંદ્ર શાંતિલાલ રાઠોડ (બંસીધર સિલ્ક પેલેસ)એ ગુંદેલ ગામના પટેલ વિક્રમભાઈ નટવરભાઈને રૂ. ૨,૦૦,૦૦૦ (બે લાખ) હાથ ઉછીના આપેલા તો પોટે વિક્રમભાઈએ ચેક આપેલ, જે ચેક બાઉન્સ થતા તે અંગે ફરીયાદી પ્રકાશચંદ્રએ ખેડબ્રહ્મા કોર્ટમાં આરોપી વિક્રમભાઈ વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરતાં તો કેસ ચાલી જતાં ફરીયાદીના વકીલશ્રી રાજેન્દ્રસિંહ ચૌહાણ તથા જગદીશભાઈ સુથારની ધારદાર દલીલો માન્ય રાખી ખેડબ્રહ્માના મેજી (ફ.ક.) શ્રી આર.બી. જોષી સાહેબે ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ ૨૫૫(૨)ની જોગવાઈ અનુસાર આરોપી વિક્રમભાઈને દોષિ ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૫૦૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ બે માસની સજા કરવાનો હૂકમ કરેલ છે.

# છાપી ગામે યુવતિની છેડતી બાબતે ફરિયાદ

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના છાપી ગામે એક ઈસમે ગામની યુવતિ પર નજર ગાડી છેડતી કરી હોવાની ફરિયાદ જાદર પોલીસ મથકે નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર છાપી ગામે ગત રોજ સાંજના સુમારે ચૌધરી કનુ દિનેશભાઈ (રહે. છાપી)એ યુવતિની લાજ લેવાના ઈરાદે છેડતી કરી હતી. છેડતી બાબતે ઠપકો આપતા હંસાબેન તથા જયંતિભાઈને ઈસમે ગાળો બોલી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી પગના ભાગે બચકું ભર્યું હતું.

બનાવ અંગે યુવતિના પિતાએ જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# સાબરકાંઠામાં ગવારના ભાવ તૂટતાં ખેડૂતો ચિંતિત

પ્રાંતિજ, તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં ગવારની ખેતી કરનારા અસંખ્ય ખેડુતો ગવારના ભાવમાં એકદમ ઘટાડો થતાં મુંઝવણમાં મુકાયા છે તેમજ ગવારનો સંગ્રહ કરવાનું મુનાસીબ માની સંગ્રહ કરવા માંડયા છે. ગવારની આવકમાં માર્કેટમાં વધારો થતાં વેપારીઓ પણ ખેડુતોને અઠવાડિયામાં રૂપિયા આપવાનો વાયદો કરતા કિસાનો મુંઝવણમાં મુકાયા છે. જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ગવારના પાકનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર કરવામાં આવેલ છે. સાબરકાંઠા જિલ્લામાં શાકભાજી, દિવેલા અને ગવારની ખેતી ખેડૂતો કરતા હતા પણ ગવારના ભાવ વધવાને કારણે ખેડુતો ગવારની ખેતી તરફ વળ્યા હતા. ગવારના સારા પાકથી કિસાનો હરખાતા હતા પરંતુ માર્કેટમાં મહેસાણા સહિત આજુબાજુના વિસ્તારના માર્કેટમાં પણ ગવારની આવકમાં વધારો થતાં ભાવ તુટવા માંડયા હતા તેથી ગરીબ ખેડૂતોએ હાલ પુરતા ગવારના પાકનું સંગ્રહ કરવાનું મુનાસીબ માન્યું હતું.

ચુંટણીના રાજકીય ગરમાવાના કારણે ખેતીના પાકના વેચાણમાં મંદીનું મોજુ ફરી વળ્યું છે તેવું ખેડુતો કહી રહ્યા છે.

## રિસેપ્શન (પાના નં. ૨ નું ચાલુ)

મમ્મી એને નાનાભાઈ ભટ્ટની ચોપડી વાંચી સંભળાવતી : પાંડવો અને કૌરવો સગા પિતરાઈઓ જ હતા ને! છતાં પાંચ પાંડવોને અને એમની વિધવા માતા કુંતીને કૌરવોએ કૂડકપટ કરીને કેટકેટલાં હેરાન કરી મૂક્યાં હતા! એમને ઝેરના લાડુ ખવરાવવાના કારસા કર્યા, લાક્ષાગૃહમાં જીવતા સળગાવી દેવાનાં કાવતરાં કર્યા! એ તો વળી ભગવાન પાંડવોના પક્ષે હતા એટલે એ બધી કસોટીઓમાંથી ઊગરી શક્યા...

સરજિત સુઘડ ફાર્મના એ ભવ્ય શામિયાણામાં પગ મૂકતાં જ એ બધું યાદ આવી ગયું. મમ્મીની ના ઉપરવટ હઠ કરીને લાભુકાકાને નોતરૂં આપવા એ જાતે જ ગયો હતો. એમણે એનું ધરાર અપમાન કરી નાખ્યું હતુંઃ 'તારે વળી કાકાની કયાં જરૂર છે? તારે તો મા છે ને !'

સરસિજે વિવેકપૂર્વક એમને મોટા માને ચડાવતાં જવાબ આપ્યો હતોઃ 'પણ કાકા, તમે તો મારે માટે બાપ તોલે ગણાવ. મારો બાપ મરી ગયો છે, એટલે મારે તો વડીલ તરીકે તમને જ આગળ કરવા પડે ને!' એ નીચો નમી એમને પગે પડવા ગયો ત્યાં લાભુ કાકાએ પગ પાછા ખેંચી લીધા હતાઃ 'જો ભઈલા, તું તો દાકતર છે. તારો બાપ કોણ હતો એ જાણવું છે ને તારે?' એમનો સવાલ સાંભળી સરસિજ ડઘાઈ ગયો હતો. જૂના ઈસ્કોતરામાં બરાબર મશરૂના લૂગડામાં લપેટીને સાચવી રાખેલો એક બ્લૅક એન્ડ વ્હાઈટ ફોટો કાઢીને લાભુકાકાએ એની સામે ધર્યો. ફાટેલી આંખોથી બે મિનિટ એ ફોટા સામે જ જોતો રહ્યોઃ અરે, આ તો જાણે અદલ મારો જ ચ્હેરો...

'મને આપોને કાકા, હું આ ફોટો મઢાવીને રાખીશ! મને તો મારા બાપુનો ચહેરો આટલો પ્રભાવશાળી હશે, એવી કલ્પના જ નહોતી. હું તો આંખો આગળ યાદની પેટીમાં સંઘરેલો જે ચહેરો મમળાવતો રહ્યો એ તો સાવ-'

લાભુકાકાએ એને અધવચ્ચે જ અટકાવ્યો : 'મારો મોટોભાઈ તો બાપડો અલ્લાનું પારેવું હતો. આ એનો ફોટો નથી દાકતર! આ ફોટો છે આપણા રામજી મંદિરમાંથી રાત લઈને નાસી ગયેલા અભયગિરિ બાવાનો. તારો બાપ એમને ભગવાન ગણીને પૂજતો. પછી એક દિવસ એ...જા, વધારે કશું કહીને તારો મૂડ નથી બગાડવો. આ તારા અસલ બાપનો ફોટો છે. ના મનાતું હોય તો પૂછી લેજે તારી માને!'

મમ્મીની દુખતી રગ દાબીને એને આઘાત પહોંચાડવામાં એને રસ ન હતો. હોઈ શકે. બલકે એમ જ હોય, તો પણ શું? એ બાવા સાથે સૂતેલી યુવાન પરણેતરને એના પિતાએ પછી ખેતરે જઈ ટૂંપો ખાઈ લીધો હશે. ગામલોકો પોતાની પોલ જાણી જશે તો જીવતો નહીં મૂકે - એવી દહેશતથી બાવાએ રાતોરાત રામજી મંદિરમાંથી ઉચાળા ભર્યા હશે...

વાર્તાના તણાવાણા ગૂંથી રહેલા સરસિજની નજર મંચનાં પગથિયાં ચડી રહેલા એક સાધુ પર જરીક ઠરી. એણે એકવાર ફાંગી આંખે મમ્મી તરફ જોયું, બીજીવાર પેલા મહાત્મા તરફ. ત્યાં સુધીમાં મહાત્મા એની નજીક આવી ગયા હતા. એકાએક એની મમ્મીએ ધ્રૂજતા અવાજે કહ્યું : 'બાપુને પગે લાગ બેટા! ખાસ તને આશીર્વાદ આપવા પધાર્યા છે...'

ચપોચપ ફોટા પડી ગયા, અને -

# સમાચાર ઝલક

- દિલ્હીનાં કોનોટ પ્લેસમાં ગોળીબાર : ૧ વ્યક્તિની ધરપકડ.
- જમ્મુ-કાશ્મીરમાં બરફ વર્ષાની ચેતવણી.
- અમદાવાદમાં પૂ. મોરારિ બાપુની રામકથામાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ સાંભળી.
- હિસારમાં કાર અકસ્માતમાં ૭ વ્યક્તિનાં કરૂણ મોત.
- સુરેન્દ્રનગરના પાટડીમાં અકસ્માતમાં ૫ લોકોનાં મોત.
- મુંબઇમાં મેરેથોન દોડમાં બોલીવુડ કલાકારોની હાજરી.
- ૪૦ વર્ષ ભારતમાં રહ્યાં પણ, કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીને હિન્દી આવડતું નથી : દેરાણી - મેનકા ગાંધી.
- હરિયાણામાં જાટોનાં અનામત આંદોલન અંગે દિલ્હી કૂચ.
- પાકિસ્તાનના પેશાવરમાં એરપોર્ટ પર રોકેટથી હુમલો : આઠ વ્યક્તિઓનાં મોત.
- વાઘોડિયામાં એમ્બ્યુલન્સ વાનમાંથી દારૂનો મોટો જથ્થો પકડાયો.
- ચીનમાં પ્રાથમિક શાળામાં ૨૨ બાળકો ઉપર ચપ્પાથી જીવલેણ હુમલો.
- દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત કહે છે કે, પાંચ વ્યક્તિના કુટુંબનું રૂા. ૬૦૦/- માં જીવનધોરણ નભી શકે!!!
- અમદાવાદમાં રેલ્વે મેનેજરના ત્યાં લાખો રૂપિયાના બેનામી વ્યવહારો ઝડપતી સી.બી.આઇ.
- પાકિસ્તાનના વિદેશ સચિવના વિવાદાસ્પદ મંતવ્યો.
- વિજય દિવસ પર શહીદોને અંજલિ આપતાં દેશવાસીઓ.
- સાંગલીમાં ૧ કિલો સાપનું ઝેર પકડાયું.
- ૨૦૧૨માં વૈષ્ણવ દૈવી મંદિરમાં ૧ કરોડ દર્શનાર્થીઓએ દર્શન કર્યા.
- બેથલેહામમાં નાતાલની ઉજવણીનો પ્રારંભ, ક્રિસમસ ટ્રી રોશનીથી ઝળહળ્યું.
- મલેશિયામાં શાહરૂખખાનને સન્માન એવોર્ડ મળ્યો.

## શબ્દ સમીપે (પાના નં. ૨નું ચાલુ)

પરંતુ આપણે એ પણ સ્વીકારવું જોઈએ કે ગાંધીજીનો અહિંસાવાદ માત્ર અંગ્રેજો સામે સફળ રહ્યો હતો. જૂનાગઢ, નિઝામ કે ગોવામાં તે જરાય સફળ રહ્યો નહતો. અંગ્રેજોની તુલનામાં આ રાજ્યોતો ઘણાં નાના કહેવાય. તેમ છતાં ત્યાં અહિંસાવાદ કેમ સફળ ન રહ્યો. તેનું ચિંતન કરવું જોઈએ અને સાચો જવાબ શોધવો જોઈએ. આ પુસ્તક વાંચનારને સ્પષ્ટ અનુભવાશે કે બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ક્રાંતિકારીઓ પેદા થયા છે. તેમાં પણ સર્વાધિક સંખ્યા તો બ્રાહ્મણોની જ દેખાય છે. આ દૃષ્ટિએ બ્રાહ્મણોનું બલિદાન ઓછું ન કહેવાય. જેમણે કશું જ બલિદાન નથી આપ્યું. તે પણ ભારતીયો આપણા ભાઈઓ જ છે. તો પણ એવું તો ન થવું જોઈએ કે માર ખાય ભગલો અને માલ ખાય જગલો. જેવું થઈ જાય. શહીદી વહોરનારાઓને બદલાની કોઈ અપેક્ષા હોતી નથી. તે તો રાષ્ટ્રપ્રેમમાં પાગલ હતી. ફના થઈ ગયા. પણ હવે આપણે આઝાદી ભોગવનારા તેમના નામ પણ ભૂલી જઈએ- તેમને યાદ પણ નકરીએ તે તો શરમજનક કૃતધ્નતા કહેવાય. આ કૃતધ્નતામાંથી મુક્ત થઈ આપણે કૃતજ્ઞ થઈએ તો પણ ઘણું કહેવાય. આપણે આત્મવાદી છીએ. આ ફાંસીએ ચડેલા શહીદ વીરોના આત્માઓ આપણા માટે શું કહેતા હશે? કેવું વિચારતા હશે? આજની ભારતની દશા જોઈને તેમને એવું તો નહીં થતું હોય કે આપણે ફાંસીએ ચડ્યા તે ભૂલ કરી? આવા લોકો માટે આપણે આઝાદી ઝંખી હતી. આજે ભ્રષ્ટાચાર અને કાળાનાણાંએ હદ વટાવી દીધી છે. પણ કોઈ કાંઈ કરી શકતું નથી. વોટ લોભી રાજકારણે વોટ માટે રાષ્ટ્રને બે ભાગમાં વહેંચી નાખ્યો છે.

(૧) અનામતિયું પાછળ ભારત

(૨)બિન-અનામતિયું ભારત.

પછાત ભારતમાં આવનારી બધી જાતિઓ, કોમો અને ધર્મોને સતત લાભનાં પેકેજ આપતા રહેવાનાં. જેથી તે લોકો એમ સમજે કે આ બધું તેમને આ પક્ષ આપે છે. બિન અનામતિયા ભારતને કશું જનહીં આપવાનું. ભલે તે પછાત કરતાં પણ વધુ પછાત કેમ ન હોય .તેમને ડિંગો બતાવવાનો. યાદ રહે કે આ બિન અનામતિયા ભારતમાંથી જ વધુમાં વધુ ફાંસીએ ચડનારા શહીદો પેદા થયા છે. તેમના આત્માઓ શું કહેતા હશે. આવું વિભાજન તો અંગ્રેજોએ પણ કર્યું ન હતું. આ ટૂંકી દષ્ટિથી કરાતું વિભાજન ભવિષ્યમાં કેવું અને કેટલું ખતરનાક પરીણામ લાવશે તેનો વિચાર પણ વિભાજકોને થતો નથી. તેમને માત્ર વોટ દેખાય છે પણ વોટ લીધઆ પછી શું થશે તે દેખાતું નથી.

આ જે મતદાનનો દિવસ છે. આઝાદી પછી લોકશાહી પધ્ધતિમાં આપણે શું મેળવવા લડત લડયા હતા અને હાલમાં શું મેળવી રહ્યા છીએ. તેનું ચિંતન કરવામાં આ પુસ્તક ઉપયોગી નીવડે તેવું છે.

**પુસ્તક : ફાંસીના વરરાજાઓ**

**લેખક : સ્વામી સચ્ચિદાનંદ**

**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**રતનપોળ નાકા સામે ગાંધી માર્ગ, અમદાવાદ-૧**

**પૃષ્ઠ : ૨૩૬, કિંમત : રૂા. ૧૧૦/-**

**આવૃત્તિ : પ્રથમ ૨૦૧૨**